પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 29-11-2026 **Evening: 7.10 TO 7.20**

Day : Sunday **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

****

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું , દેશભરમાં નશામુક્તિ વિરુદ્ધ સમાજની સક્રિય ભાગીદારી વધી રહી છે.
2) “મન કી બાત ” કાર્યક્રમમાં પ્રધાનમંત્રીએ અનંત અનાદિ વડનગર પુરાતત્વીય અનુભવાત્મક સંગ્રહાલય તથા કચ્છ અને ચોકલેટના જોડાણ અંગે વાત કરી.
3) લોકસભાની આવતીકાલથી શરૂ થનારી ખાસ બેઠક દરમિયાન ત્રણ મહત્વના સુધારા વિધેયક 2026 રજૂ કરાશે
4) છોટાઉદેપુરમાં 330 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે માર્ગના વિવિધ કામ કરવાની નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની જાહેરાત.
5) રાજકોટમાં યોજાયેલી હૉકી સ્પર્ધામાં ગુજરાત રમતગમત સત્તામંડળ અકાદમીની જૂનિયર ગર્લ્સની ટીમ વિજેતા.

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

EVE PM MODI MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું , દેશભરમાં નશામુક્તિ વિરુદ્ધ સમાજની સક્રિય ભાગીદારી વધી રહી છે અને નશામુક્ત યુવા અભિયાન સંપૂર્ણ ગતિ સાથે ચાલી રહ્યું છે. આકાશવાણી પરથી "મન કી બાત " કાર્યક્રમમાં પોતાના વિચાર રજૂ કરતા શ્રી મોદીએ કહ્યું, ભારતના યુવાનોને પ્રતિભાની ચર્ચા આજે સમગ્ર વિશ્વમાં થઈ રહી છે.

શ્રી મોદીએ મહેસાણાના અનંત અનાદિ વડનગર પુરાતત્વીય અનુભવાત્મક સંગ્રહાલયને તાજેતરમાં જર્મનીમાં રેડ ડૉટ- બેસ્ટ ઑફ ધ બેસ્ટ પુરસ્કાર મળ્યો તેનો પણ ઉલ્લેખ કર્યો હતો.

(BYTE: NARENDRA MODI, PRIME MINISTER) VADNAGAR

वडनगर म्यूज़ियम में 5,000 से ज़्यादा प्राचीन कलाकृतियाँ भी प्रदर्शित की गई हैं। इसी महीने बर्लिन में वडनगर म्यूज़ियम को डिज़ाइन की दुनिया का बड़ा सम्मान 'रेड डॉट: बेस्ट ऑफ़ द बेस्ट' अवॉर्ड मिला है। ये भारत का पहला म्यूज़ियम है जिसे ये सम्मान मिला है। साथियों, वडनगर वो शहर है जो हज़ारों वर्षों से जीवंत है.

ગયા વર્ષે ચોકલેટ અને કોકોથી બનેલી વસ્તુઓની નિકાસમાં 25 ટકાનો વધારો થયો હોવાનું જણાવી પ્રધાનમંત્રીએ કચ્છ અને ચોકલેટ વચ્ચેના સંબંધની પણ વાત કરી.

(BYTE: NARENDRA MODI, PRIME MINISTER) KUTCH CHOCOLATE

साथियों, क्या आप जानते हैं कि चॉकलेट और गुजरात के कच्छ के बीच भी एक अद्भुत कनेक्शन है ? ये कनेक्शन है कैमल मिल्क से बनी चॉकलेट का। यहाँ के ऊँट पालक जो दूध उपलब्ध कराते हैं , अमूल उसका इस्तेमाल चॉकलेट, केसर फ़्लेवर्ड मिल्क और राजभोग आइसक्रीम बनाने में भी कर रहा है। कैमल मिल्क से जुड़े आँकड़े बहुत ही उत्साह बढ़ाने वाले हैं। सरहद डेयरी में कैमल मिल्क का डेली कलेक्शन 1,300 लीटर से बढ़कर साढ़े 5,000 लीटर तक पहुँच गया है.

PARLIAMENT-SPECIAL-SITTING

સરકાર આવતીકાલથી શરૂ થનારી લોકસભાની ખાસ બેઠક દરમિયાન બંધારણ 132મા સુધારા વિધેયક 2026 , સીમાંકન દ્વિતીય સુધારા વિધેયક 2026 અને કેન્દ્રશાસિત પ્રદેશ કાયદા સુધારા દ્વિતીય વિધેયક 2026 રજૂ કરશે. આ વિધેયકો પસાર થવાથી તમામ રાજ્યમાં લોકસભા બેઠકોની સંખ્યામાં 50 ટકાનો વધારો અને વર્ષ 2029ની લોકસભા ચૂંટણીમાં મહિલાઓ માટે 33 ટકા અનામતનો માર્ગ મોકળો થશે.

કેન્દ્રી ાયદા અને ન્યાય મંત્રી અર્જુન રામ મેઘવાલ બંધારણમાં સુધારો કરવા માટે બંધારણ વિધેયક 2026 અને સીમાંકન વિધેયક 2026 રજૂ કરશે.

જ્યારે કેન્દ્રી ાયગૃહમંત્રી અમિત શાહ કેન્દ્રશાસિત પ્રદેશ કાયદા સુધારા દ્વિતીય વિધેયક 2026 રજૂ કરશે. આ વિધેયક કેન્દ્રશાસિત પ્રદેશ શાસન અધિનિયમ 1963, રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ દિલ્હી શાસન અધિનિયમ, 1991 અને જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ, 2019 માં સુધારો કરે છે.

લોકસભાની ચાર દિવસ ની વિશેષ બેઠક આવતીકાલથી શરૂ થશે , અને રાજ્યસભાની બે દિવસીય બેઠક 2 ડિસેમ્બરથી શરૂ થશે.

DyCM CHHOTA UDEPUR VISIT

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ છોટાઉદેપુરમાં 330 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે માર્ગના વિવિધ કામ કરવાની જાહેરાત કરી. જિલ્લામાં પત્રકાર પરિષદને સંબોધતા શ્રી સંઘવીએ ત્રણ દિવસના છોટાઉદેપુર ના પ્રવાસને સૌથી યાદગાર ગણાવ્યો. તેમણે કહ્યું, જિલ્લામાં 25 કરોડ રૂપિયાના ખર્ચે યુવા ખેલાડીઓ માટે આંતર-રાષ્ટ્રીય કક્ષાના ઍથ્લેટિક્સ ટ્રેક બનાવાશે. સાથે જ તેમણે વિદ્યાર્થીઓની સુવિધા માટે અન્ય બસની સુવિધાની પણ ખાતરી આપી. શ્રી સંઘવીએ સોશિયલ મીડિયાના ઇન્ફ્લૂએન્સર્સને આદિવાસી સમુદાયની સંસ્કૃતિનો પ્રચાર કરવા પણ અપીલ કરી.

(BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER)

છોટા ઉદેપુરના ખૂબ મહત્વના રસ્તાઓ, તેના રી-સરફેસિંગ કરવી ખૂબ આવશ્યકતા છે, જે નાના પુલિયા છે, જ્યાં પાણી બી ઘણીવાર ભરાઈ જતું હોય છે, એને ઊંચા લેવાના છે. તો 162.91 કરોડ રૂપિયાની આ કામગીરીને ઝડપથી પૂર્ણ કરવામાં આવશે, એટલે કે એની મંજૂરી જે આપવાની છે, એ આવનારા ટૂંક સમયની અંદર જ એ મંજૂરી આપી લેવામાં આવશે અને કવાંટ-છોટા ઉદેપુર રોડને 10 મીટર પહોળો કરવા માટે 172.94 કરોડ રૂપિયાની બી મંજૂરી ઝડપથી તમને અપાવાની છે. 162 પ્લસ 172 એટલે 330 કરોડથી વધારેના તો ખાલી રોડો તમને ભેટ આપવા આ રાજ્ય સરકાર અહીંયા આવી છે.

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

72 HR MINISTERS VISIT

રાજ્યના વિવિધ મંત્રીઓએ 72 કલાક વિધાનસભા પ્રવાસ કાર્યક્રમ અંતર્ગત આદિવાસી વિસ્તારોની મુલાકાત લીધી. નાણામંત્રી કનુ દેસાઈએ ડાંગના વઘઈમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ સંસ્થા – ડાએટ ખાતે યોજાયેલા સંવાદ કાર્યક્રમમાં ઘરના સંચાલનની સાથે વહીવટી જવાબદારીઓ નિભાવનારી મહિલાઓની પ્રશંસા કરી.

તો, આરોગ્ય મંત્રી પ્રફૂલ પાનશેરિયાએ તાપીમાં ડોલવણ તાલુકાના ધાણી સ્થિત ઉત્તર બુનિયાદી વિદ્યાલય ખાતે વિદ્યાર્થીઓ , શિક્ષકો અને શાળા પરિવાર સાથે સંવાદ કર્યો. વિદ્યાર્થીઓ સાથે ભોજન લીધા બાદ તેમણે બાળકો સાથે અભ્યાસ , શાળાની ઈત્તર પ્રવૃત્તિઓ અને તેમના ભવિષ્યના લક્ષ્યો અંગે ચર્ચા કરી.

મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ડૉ. મનિષા વકીલે મહીસાગરમાં સંતરામપુર, ગોધરા અને કડાણાના વિસ્તારની મુલાકાત લીધી. તેમણે સંતરામપુરના ઉખરેલી ગામમાં ભજનમંડળી સાથે બેસીને ભજનનો આનંદ માણ્યો. સાથે જ તેમણે જાતે ભોજન બનાવી પરિવાર સાથે ભોજન પણ કર્યું હતું.

જળસંપત્તિ રાજ્યમંત્રી ઇશ્વરસિંહ પટેલ વલસાડમાં કપરાડા તાલુકાના જામ-ગભાણ અને રોહિયાળ તલાટ ગામની મુલાકાત દરમિયાન યુવાનો સાથે વૉલિબોલ રમ્યા. આ પ્રસંગે તેમણે કહ્યું , આ વર્ષે તાલુકામાં અન્ય 65 નવા ચેકડેમ મંજૂર થતા ખેડૂતોને સિંચાઈ માટે પાણી મળશે.

વન અને પર્યાવરણ રાજ્યમંત્રી પ્રવિણ માળીએ દાહોદમાં લીમખેડા તાલુકાના પાલ્લી ગામમાં નિર્માણાધીન સરકારી પુસ્તકાલયના બાંધકામ સ્થળની મુલાકાત લીધી. તો શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમ છાંગાએ નર્મદામાં એકતાનગરના આદર્શનગર ગોરાની મુલાકાત લઈ લોકો સાથે સંવાદ કર્યો.

G-SET EXAM

રાજ્યમાં આજે ગુજરાત રાજ્ય પાત્રતા કસોટી એટલે કે G-SET ની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ. પંચમહાલમાં ગોધરા કેન્દ્રના 6 પેટા-કેન્દ્રો પર યોજાયેલી આ પરીક્ષામાં કુલ 81.56 ટકા હાજરી નોંધાઈ હતી. તો રાજકોટ જિલ્લામાં 11 પરીક્ષા કેન્દ્રો પર ચાર હજાર 585 ઉમેદવારોએ આ પરીક્ષા આપી.

NVS DEVELOPMENT WORK

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આદિવાસી સમુદાયના યુવાનોને કૌશલ્યવાન બનાવીને રોજગાર અને સ્વરોજગારીની નવી તક પૂરી પાડવા સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. નવસારીમાં અંદાજે 753 કરોડ રૂપિયાના ખર્ચે વિકાસકાર્યોના ભૂમિપૂજન, ખાતમુહૂર્ત અને લોકાર્પણ કાર્યક્રમને સંબોધતા શ્રી પટેલે આ વિકાસકાર્યોને ગુણવત્તાયુક્ત કામ અને અને જીવનનો પાયો ગણાવ્યો. તેમણે સરકાર તરફથી તમામ પ્રકારની સહાય પૂરી પાડવાની પણ ખાતરી આપી.

(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

અહીંયાથી કીધું એમ કે ભઈ તમે વિકાસના કામોનું આયોજન કરો અને એ વિકાસના કામોના આયોજન માટેના પૈસાની ફાળવણી જો અમારે કરવાની હોય તો અમને કોઈ તકલીફ નથી. તમારું આયોજન વ્યવસ્થિત હોવું જોઈએ. તો તમારા જે કામો બાકી હશે એ કામો ખૂબ સારી રીતે થઈ શકે એના માટેનો હરહંમેશ અમારો પ્રયત્ન રહ્યો છે ને કરતા આવ્યા છે ને કરીશું પણ ખરા.

HOCKY TEAM CAMPION

રાજકોટમાં યોજાયેલી અસ્મિતા વેસ્ટ ઝોન ખેલો ઇન્ડિયા હોકી લિગમાં ગુજરાત રમતગમત સત્તામંડળ – SAG અકાદમીની જૂનિયર ગર્લ્સ હોકી ટીમ વિજેતા બની. સત્તાવાર યાદી મુજબ , કમાન્ડિંગ પ્રદર્શનથી ટીમે આ સિદ્ધિ મેળવી. મેચમાં ટીમે 33 ગોલ કરી ફાઈનલમાં પાંચ –શૂન્યથી નોંધપાત્ર જીત સાથે તેમની જીતનો સિલસિલો યથાવત્ રાખ્યો. ગુજરાત રમતગમત સત્તામંડળે ટીમને કુશળતા , સમૂહકાર્ય અને રમતગમત શ્રેષ્ઠતાના વધુ એક પ્રદર્શનને ગુજરાત માટે ગર્વની ક્ષણ ગણાવી.

KTC GLOBAL EXPRESS SEVA

કચ્છમાંથી આંતર-રાષ્ટ્રીય પાર્સલ હવે માત્ર ચારથી પાંચ દિવસમાં વિદેશ પહોંચી જશે. આ માટે કચ્છના ટપાલ વિભાગ દ્વારા આગામી પહેલી જાન્યુઆરીથી ગ્લોબલ એક્સપ્રેસ સેવા શરૂ કરાશે. તેનાથી કચ્છના નાના ઉદ્યોગકારો , હસ્તકળાના કલાકારો અને વેપારીઓ માટે વિદેશમાં સામાન મોકલવો વધુ સરળ અને ઝડપી બનશે. તાજેતરમાં અમદાવાદમાં યોજાયેલી રાજ્યકક્ષાની એક્સપોર્ટર્સ મીટમાં આ જાહેરાત કરવામાં આવી હતી.